Care Institute of Medical Sciences

# CIMS News
# Care & Cure

Volume-5 | Issue-55 | February 25, 2015

Price : ₹ 5/-

## અંદરના પાને...


- બાળકોમાં હૃદયની તકલીફોની જાણકારી : હાર્ટ સર્જરી વગર સારવાર – કેથેટર આધારિત ઇન્ટરવેન્શન
- સ્માર્ટ ટોટલ ની રિપ્લેસમેન્ટ (The Future of Knee Replacement)
- વેરીકોઝ વેઈન્સની સૌથી સચોટ સારવાર
- ફાઇબ્રોઇડ યુટેરસ (ગર્ભાશયમાં થતી ગાંઠ)




CIMS News
Care & Cure
Volume-5 | Issue-55 | February 25, 2015

CIMS®
Care Institute of Medical Sciences

# બાળકોમાં હૃદયની તકલીફોની જાણકારી
# હાર્ટ સર્જરી વગર સારવાર – કેથેટર આધારિત ઈન્ટરવેન્શન

બાળકોમાં હૃદયરોગની તકલીફ અથવા કોન્જેનિટલ હાર્ટ ડિસીઝ (સીએચડી) એ મોટા ભાગે જન્મથી હૃદયની બનાવટમાં ખોડખાંપણ હોય છે. બાળકોમાં સામાન્ય રીતે જોવા મળતી હૃદયની બીમારીઓમાં હૃદયમાં છિદ્રો હોવા, વાલ્વને લગતી સમસ્યા અથવા રક્તની ધમનીઓ સાંકડી બની જવાની સમસ્યા સામેલ છે.

હૃદયની ગંભીર ખામીઓમાં સર્જરીથી સુધારા કરવાની જરૂર પડે છે કારણ કે તે બાળકની વૃદ્ધિ અને વિકાસમાં મોટી સમસ્યા પેદા કરી શકે છે. હૃદયને લગતી કેટલીક સમસ્યાઓના ઉકેલ માટે વૈકલ્પિક વિકલ્પ તરીકે કેથેટર આધારિત ઇન્ટરવેન્શનનો સમાવેશ થાય છે. સાદા શબ્દોમાં કહીએ તો તે કોરોનરી આર્ટરી સંબંધિત તકલીફો ધરાવતા પુખ્ત વયના દર્દીઓમાં એન્જિયોપ્લાસ્ટી કરવા સમાન છે. કેથેટર ઇન્ટરવેન્શન વિશે કેટલીક મહત્ત્વની માહિતી તમને દર્દીઓ દ્વારા મોટા ભાગે પૂછવામાં આવતા સરળ પ્રશ્ન અને જવાબના સ્વરૂપે આપવામાં આવી છે.

**બાળકોમાં એન્જિયોપ્લાસ્ટી અથવા કેથેટર આધારિત ઇન્ટરવેન્શન શું છે?**

તે એક ઇનવેઝિવ પ્રોસિઝર છે જેમાં હૃદય સુધી લોહી જતી ધમનીઓમાં કાણું પાડીને તેના દ્વારા સ્પેશિયલ ટ્યુબ અથવા કેથેટરનો ઉપયોગ કરીને હૃદય સુધી પહોંચવામાં આવે છે. તે પગ, હાથ અથવા ગરદનની લોહીની ધમનીઓ મારફત કરવામાં આવી શકે છે. ટેકનોલોજીમાં પ્રગતિ અને વધતા અનુભવની સાથે આ પ્રોસિઝર માત્ર ૨ થી ૩ કિલો વજન ધરાવતા નવજાત શિશુઓમાં પણ સુરક્ષિત રીતે કરી શકાય છે.


કેથ લેબ

**જન્મથી થતી હૃદયની સમસ્યાઓ માટે સારવારની વિવિધ પદ્ધતિઓ કઇ છે?**

આ પદ્ધતિ માટે કેટલાક વિકલ્પો ઉપલબ્ધ છે.

ડિવાઇસ ક્લોઝર: ડિવાઇસ (ઉપકરણો) વિશેષ સામગ્રીમાંથી બનાવવામાં આવે છે જેને હૃદયમાં ખોલવામાં આવે ત્યારે તે તેનો આકાર ફરીથી મેળવે છે. તે હૃદયના વિભાગોમાં છિદ્રો બંધ કરવા માટે અને બિનજરૂરી રક્ત ધમનીઓ બંધ કરવા માટે ઉપયોગમાં લેવાય છે. આ ડિવાઇસ સામાન્ય રીતે પગમાંથી રક્તની ધમનીમાં દાખલ કરવામાં આવેલ વિશેષ ટ્યુબ મારફત પ્રવેશ કરાવવામાં આવે છે.


ડિવાઈસ ક્લોઝર

બલૂન એન્જિયોપ્લાસ્ટી: મોટા ભાગની એન્જિયોપ્લાસ્ટી સાંકડા થઇ ગયેલા વાલ્વ અથવા લોહીની ધમનીઓ માટે વપરાય છે. તે સરળ બલૂન છે જે ઉચ્ચ દબાણનો ફુલાવો સહન કરી શકે છે અને તેના માટે ડિઝાઇન કરવામાં આવેલી નાની ટ્યુબ અને વાયર દ્વારા હૃદય સુધી પહોંચી શકે છે.

સ્ટેન્ટ પ્લેસમેન્ટ: આ પદ્ધતિમાં આપણે કેટલીક ઇચ્છનિય ધમનીઓ ખુલ્લી રાખીએ છીએ જેનાથી હૃદયમાં લોહીનો આવશ્યક પૂરવઠો મેળવી શકાય છે.

**આ પ્રોસિઝર કેટલી સુરક્ષિત છે?**

મોટા ભાગના સંજોગોમાં કાર્ડિયાક કેથેટરાઇઝેશન ઘણું સુરક્ષિત માનવામાં આવે છે. મોટા ભાગની પ્રોસિઝર ઘણી વ્યવસ્થિત આયોજિત હોય છે અને નિયંત્રિત વાતાવરણમાં કરવામાં આવે છે. સામાન્ય રીતે સારવાર કરનાર પિડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ તમને કોઇ પણ પ્રોસિઝર કરતા પહેલા તેની સાથે સંકળાયેલી સમસ્યાઓ વિશે માહિતગાર કરશે.



**લાંબા ગાળે શું પરિણામ આવશે? થોડા સમય પછી ફરીથી આ પ્રોસિઝર કરવાની જરૂર પડશે?**

મોટા ભાગની સુધારાત્મક કેથેટર ઇન્ટરવેન્શનલ પ્રોસિઝરથી કાયમી ઇલાજ થઇ જાય છે. ઉદાહરણ તરીકે યોગ્ય રીતે પસંદ કરવામાં આવેલા કેસમાં હૃદયમાં છિદ્ર પૂરવાથી કાયમી ઉકેલ આવી જાય છે. મોટા ભાગના દર્દીઓને સુરક્ષાની ખાતરી કરવા માટે સમયાંતરે મૂલ્યાંકનની જરૂર પડે છે. હૃદયમાં કેટલાક કાપા (ખાસ કરીને ડાબી બાજુના અવરોધમાં) ફરીથી પેદા થતા હોય છે. પિડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ આ પ્રોસિઝર કરતા પહેલા આ બીમારીની લાંબા ગાળાની સારવાર વિશે વાત કરશે.

**ઓપન હાર્ટ સર્જરીની સરખામણીમાં ફાયદા કયા છે?**

ચોક્કસપણે, કેથેટર આધારિત ઇન્ટરવેન્શન પ્રોસિઝરના ફાયદા સર્જિકલ પ્રોસિઝર કરતા વધારે છે. ૧) સર્જરીની સરખામણીમાં તેમાં ઓછી વાઢકાપ કરવી પડે છે, તેથી વાઢકાપના નિશાન (સ્કાર) રહેતા નથી, ઓછી પીડા થાય છે અને હોસ્પિટલમાં ઓછો સમય રોકાવું પડે છે. ૨) આ પ્રોસિઝર દરમિયાન સામાન્ય સર્ક્યુલેશન અને દદયની કામગીરી સામાન્ય રહે છે તેથી શરીરની સામાન્ય પ્રક્રિયા ઝડપથી રિકવર થાય છે.

**આ ઉપકરણ દ્વારા તમામ છિદ્રો પૂરવાનું શક્ય છે (સર્જરી વગર) ?**

ના. હૃદયના વાલ્વ અને લોહીની ધમનીઓ નજીકના ચોક્કસ છિદ્રો સર્જરી વગર પૂરી શકાતા નથી કારણ કે તેનાથી હૃદયના વાલ્વને નુકસાન થવાનું જોખમ રહે છે. તમારા પિડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ તમને પ્રોસિઝરની પસંદગી તથા તેની સુરક્ષા વિશે તમને માર્ગદર્શન આપશે. ટૂંકમાં કહીએ તો હૃદયની ખામી ધરાવતા બાળકોમાં કેથેટર આધારિત ઇન્ટરવેન્શન અને એન્જિયોપ્લાસ્ટી યોગ્ય કેસમાં અસરકારક સારવારનો વિકલ્પ છે.

**સૌજન્ય**
**ડૉ. કશ્યપ શેઠ**
**પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ અને ઇન્ટરવેન્શનાલીસ્ટ**
એમ.ડી., ડી.એન.બી., એફ.એન.બી.
(મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
Email: kashyap.sheth@cims.me

Volume-5 | Issue-55 | February 25, 2015

# સ્માર્ટ ટોટલ ની રિપ્લેસમેન્ટ (The Future of Knee Replacement)

સીમ્સ જોઇન્ટ રિપ્લેસમેન્ટ વિભાગ ખાતે શ્રી ઓર્થોકેર ગ્રૂપ જોઇન્ટ રિપ્લેસમેન્ટ ક્ષેત્રે ઉચ્ચ કક્ષાની સારવાર આપવા માટે પ્રતિબદ્ધ છે. અમે અમારી **એ.બી.સી.** ટેકનિક (એલાઇનમેન્ટ, બેલેન્સિંગ, ખામીનું કરેક્શન) દ્વારા કમ્પ્યુટર નેવિગેશન મારફત તમામ જોઇન્ટ રિપ્લેસમેન્ટ કરીએ છીએ.



સંપૂર્ણપણે ઘુંટણ બદલી નાખવાના ક્ષેત્રમાં **સ્માર્ટ ટોટલ ની (ઘુંટણ)** રિપ્લેસમેન્ટ અમારી નવી પહેલ છે.

**'સ્માર્ટ ટીકેઆર' શા માટે:**



આજે દર્દીઓ સંપૂર્ણ ની રિપ્લેસમેન્ટ પછી માત્ર પીડામાંથી છુટકારો નથી ઇચ્છતા, પરંતુ તેઓ જીવનને સંપૂર્ણપણે માણી શકાય તેવો સુધારો પણ ઇચ્છે છે.

આ ઉપરાંત, આજે આપણી પાસે સ્માર્ટ ફોન અને સ્માર્ટ ટેલિવિઝન છે ત્યારે સ્માર્ટ ટોટલ ની રિપ્લેસમેન્ટ શા માટે નહીં.

**'સ્માર્ટ (SMART) ટીકેઆર' શું છે**

આ ટેકનિકની વિશેષતાઓ આ પ્રમાણે છે:

**(S) એસ.**

**સલામત** (SAFE) : તેમાં બોન મેરોને લગતું કોઇ નુકસાન નથી. તેમાં મજબૂત કેન્દ્રીય હાડકાને સાચવી રાખવામાં આવે છે. તેમાં મેડ્યુલરી કેનાલમાં ચેપ પ્રસરવાની કોઇ શક્યતા રહેતી નથી.

**સરળ** (SIMPLE) : નેવિગેશનના લેટેસ્ટ સોફ્ટવેર વાપરવામાં આવતા હોવાથી અમે ઉત્કૃષ્ટ કામ કરી શકીએ છીએ જેના કારણે ઓપરેટિવ સમયમાં ઘટાડો થાય છે.




**વૈજ્ઞાનિક** (SCIENTIFIC ):


વર્ષોથી પ્રસ્થાપિત થયેલા ઉત્તમ પરિણામો પર આધારિત.

**(M) એમ.**

**મિનિમલ ઇનવેઝિવ:** સર્જનને દરેક પગલે કમ્પ્યુટરની મદદ મળે છે તેથી આ સર્જરી મિનિમલ ઇનવેઝિવ (ઓછામાં ઓછી વાઢકાપ) એપ્રોચથી કરી શકાય છે.

**(A) એ.**

**એક્યુરેટ (ચોકસાઇ):** તમામ ગતિમાં એક ડિગ્રી અને ૧ mmની ચોકસાઇથી સચોટ કામ થાય છે. ઓછામાં ઓછા પ્રમાણમાં કાપો મૂકવાની જરૂર પડે છે તેથી હાડકાને બચાવે છે. પગની સમગ્ર ધરીને ધ્યાનમાં લેવામાં આવે છે. ભારતીય સંદર્ભમાં ટિબિયલ બોઇંગમાં મદદરૂપ.





ઓપરેશન પહેલાની ખામી | ઓપરેશન પછી (સર્જરી પછી)

**(R) આર.**

**રેપિડ રિકવરી:** કાપો નાનો હોય છે તેથી લોહી ગુમાવવાનું પ્રમાણ પણ બહુ ઓછું રહે છે. આ ઉપરાંત મિનિમલ ઇનવેઝિવ સર્જરી અને યોગ્ય બેલેન્સિંગના કારણે ઝડપથી રિકવરી આવે છે.

**(T) ટી.**

**ટ્રાન્સપેરન્સી (પારદર્શિતા):** દરેક પગલું રજિસ્ટર થાય છે અને દર્દીને પૂરાવા તરીકે સોંપવામાં આવે છે. સીમ્સના જોઇન્ટ રિપ્લેસમેન્ટ વિભાગ ખાતે અમે ટેકનોલોજી દ્વારા પારદર્શિતા જાળવવામાં માનીએ છીએ. મુખ્ય ઉદ્દેશ સર્જનની કુશળતા સાથે કમ્પ્યુટર ટેકનોલોજીની ચોકસાઇ અને સચોટતાનો સમન્વય કરવાનો છે જેથી મહત્તમ પરફેક્શન સાથે સર્જરી થાય.




આગળના તબક્કામાં જતા પહેલા સર્જરીના દરેક તબક્કાની બેવડી ચકાસણી કરવામાં આવે છે.

**સૌજન્ય**

**ડૉ અતીત શર્મા**
**જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન**
MBBS, ફેલોશીપ : બેલ્જિયમ, સિંગાપોર, ફ્રાંસ, જર્મની અને યુએસએ
(મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૭૬૬
Email: ateet.sharma@cimshospital.org

**શ્રી ઓર્થોકેર ગ્રુપ**
ડૉ. હેમાંગ અંબાણી +૯૧-૯૮૨૫૦૨૦૧૨૦
ડૉ. ચિરાગ પટેલ +૯૧-૯૮૨૫૦૨૪૪૭૩
ડૉ. અમીર સંઘવી +૯૧-૯૮૨૫૦૬૬૦૧૩
ડૉ. કાર્તિક શુક્લા +૯૧-૯૮૨૫૨૯૬૧૮૯

CIMS News
Care & Cure
Volume-5 | Issue-55 | February 25, 2015

CIMS®
Care Institute of Medical Sciences

# વેરીકોઝ વેઈન્સની સૌથી સચોટ સારવાર

વેરીકોઝ વેઈન્સનો શબ્દસ: અર્થ એટલે અસાધારણ રીતે ફુલી ગયેલી શિરાઓ. સામાન્ય રીતે પગમાં અશુધ્ધ લોહીનું વહન કરતી નસો(શિરાઓ) ના સંદર્ભમાં વપરાતો આ શબ્દ શિરાઓના બાહય દેખાવ કરતાં શિરાઓની અંદર રહેલા વાલ્વની ખરાબી(લીકેજ) સાથે સંકળાયેલો છે.

દરેક વ્યકિતના પગમાં પંજાથી લઈ સાથળ સુધી ચામડીની નીચે એક લાંબી શિરા આવેલી હોય છે જે જાંઘના ઉપરના ભાગમાં અંદરની મુખ્ય શિરા સાથે જોડાઈ જાય છે. આ બાહ્ય શિરાને એક વધારાની શિરા કહેવામાં અતિશયોકિત નથી.



રકતવાહિનીઓના વાલ્વ લોહીને એક જ દિશામાં (મુખ્ય શિરા તરફ)ફરતું રાખવામાં મદદ કરે છે. જયારે આ વાલ્વમાં ખરાબી ઉત્પન્ન થાય છે ત્યારે પગની અંદરની શિરામાંથી વધારે દબાણવાળું લોહી બહારની શિરામાં લીક થાય છે, જેના લીધે બહારની શિરાઓ ફુલી જાય છે. લોહીની નસોના ફુલવાની સાથે પગમાં કળતર, સોજા, ચામડીમાં કાળાશ આવવી, ખંજવાળ આવવી, નસો ગંઠાઈ ને લાલ થઈ જવી અથવા લોહી વહેવા માંડવું જેવા લક્ષણો જોવા મળે છે. પગની નીચેના ભાગમાં ઘૂંટીની આસપાસના વિસ્તારમાં ચાંદું પડી શકે છે, જેને રૂઝવવું ધણું મુશ્કેલ હોય છે.

સારવારની વિભિન્ન પધ્ધિતઓ:- રકતવાહિનીની અંદર આવેલા વાલ્વની સંખ્યા ધણી વધારે હોય છે( દસથી પચીસ) જેમાં અગત્યના કહી શકાય એવા વાલ્વ ચારથી પાંચ હોય છે, જેને રિપેર કરવા લગભગ અશકય છે. આ કારણે જ લીક થયેલા વાલ્વ સાથે ફૂલી ગયેલી શિરાને ઓપરેશન દ્વારા કાઢી નાંખવી (Stripping) અથવા અંદરથી બાળી નાખવી પડે છે. ગરમીથી બાળવાની પધ્ધતિ એટલે એબ્લેશન (Ablation), જેના માટે લેસર અથવા રેડિયોફ્રિક્વન્સી વાપરવામાં આવે છે અને રસાયણથી બાળવાની પધ્ધતિ એટલે સ્કલેરોથેરાપી (Sclerotherapy). ઓછી માત્રામાં લીક થતા વાલ્વને ઓપરેશન વગર પણ (Stockings) ચલાવી શકાય.

(૧) **સ્ટ્રિપીંગ (Stripping):-** આ કાપાવાળું અને ટાંકાવાળું ઓપરેશન છે, જેમાં એક ખાસ પ્રકારની બનાવટના તાર (સ્ટ્રિપર) વડે ફૂલી ગયેલી શિરા ખેંચીને કાઢી નાખવામાં આવે છે. લગભગ દસથી પંદર દિવસ સુધી અગવડતા આપનારાં આ ઓપરેશનને સૌથી જૂની છતાં પણ અસરકારક પધ્ધતિ કહી શકાય.

(૨) **લેસર (Laser) :-** રેડીએશનથી ઉત્પન્ન થયેલી ગરમીને એક કેથેટરથી નાના કાણાં મારફ્તે શિરાની અંદર પહોંચાડવામાં આવે છે, જે નસની અંદરની દિવાલને બાળી કાઢે છે, રેડીએશન નો ઉપયોગ અને ઓપરેશનની જટિલતા જેવા પરિબળોને લીધે આ પધ્ધતિ અસરકારક હોવા છતાં એને સચોટ સારવારની કેટેગરીમાં મૂકી શકાય નહિ.

(૩) **રેડિયોફ્રિક્વન્સી(Radiofrequency) :-** અવાજના તરંગોથી ઉત્પન થયેલી ગરમીને લેસર પધ્ધતિની જેમ જ એક કાણાં મારફ્તે શિરાની અંદર પહોચાડવામાં આવે છે અને છતાં પણ ખૂબ જ અસરકારક રીતે કામ કરે છે. દુખાવો નહિવત થાય છે, રેડીએશનની આડ અસર નથી તેમજ પધ્ધતિ ખૂબ સરળ છે, દર્દી પાંચથી છ કલાકમાં પણ ઘરે જઈ શકે.

(૪) **સ્ક્લેરોથેરાપી(Sclerotherapy):-** રસાયણના ઉપયોગ વડે નસને બાળતી આ પધ્ધતિ સામાન્ય રીતે ઉપરોકત વર્ણવેલ પધ્ધતિઓની સાથે જ (એના ભાગરૂપે જ) ઘૂંટણની નીચે રહેલી નાની શિરાઓ માટે વપરાય છે, જેને એક માત્ર સારવારની પધ્ધતિ તરીકે સચોટ ન ગણી શકાય, વધારે પડતા રસાયણનો ઉપયોગ અંદરની મુખ્ય શિરા માટે જોખમી થઈ શકે.

**તારણ:-** નવા જામાનાની પધ્ધતિઓ ટાંકા વગરના ઓપરેશનથી શકય છે. લેસર કે રેડિયોફ્રિક્વન્સીના મશીનો અને સોનોગ્રાફીના મશીનો આ સારવારને જરૂર થોડી મોંધી બનાવે છે પરંતું દર્દી એક દિવસમાં જ ધરે જઈ શકે છે અને પોતાના રૂટિનમાં વ્યસ્ત થઈ શકે છે.

મારા મતે રેડિયોફ્રિક્વન્સી એબ્લેશન સ્ક્લેરોથેરાપીની સાથે વેરીકોઝ વેઈન્સની સારવારનો સૌથી સચોટ વિકલ્પ છે.

**સૌજન્ય**
**ડૉ. પ્રણવ એ. મોદી**
**કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જન**
MS, MCh (CVTS)
(મો) +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦
Email: pranav.modi@cimshospital.org, pmsurg@yahoo.co.in

Volume-5 | Issue-55 | February 25, 2015

# CIMS HOSPITAL

CIMS

Care Institute Of Medical Sciences
A multi-super specialty hospital

## CARE | COMPASSION | COURTESY | COMPETENCY

**When you put your beliefs into practice, the world acknowledges**

## CIMS Hospital wins 2 awards at National Level

**New India Assurance Healthcare Achievers Awards 2014**
**An initiative by The Times of India**

**Trendsetter Award In Customer Service Excellence Across India**



**Best Multispeciality Hospital Ahmedabad**

*The Only Hospital In India to Win Two Awards*

## THANK YOU
## AHMEDABAD - GUJARAT - INDIA

The award selection process was conducted by a panel of independent judges and the winners were selected through a process based upon a combination of surveys and jury selection (across 150 best hospitals in India and 10 in Ahmedabad), adjudicated by a research & survey process carried out in 4 phases in the doctor patient community by Times Group, Ernst & Young and supported by Neilsen group.

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

NABH NABL

CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962

CIMS Hospital : Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines), email : info@cims.me web : www.cims.me
**For appointment call on : +91-79-3010 1200, 3010 1008 Mobile : +91-98250 66661**
**Ambulance & Emergency : +91-98244 50000, 97234 50000, 90990 11234**

## Know Before You Go

### Knee Replacement Surgery



૧) મારે કયા પ્રકારના જોઇન્ટ ઇમ્પ્લાન્ટની જરૂર છે ?

૨) મારે કેવી રીતે ખાતરી કરવી કે મારા ઘૂંટણની સર્જરી ૧૦૦ ટકા ચીવટતાથી કરવામાં આવી છે ?

૩) જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી કયા પ્રકારની હોસ્પિટલમાં કરાવવી જોઇએ ?

**આ અને આવા ઘણા બધા સવાલો ના જવાબ મેળવવા અમારો સેમીનાર એટેન્ડ કરો**

**સ્થળ : સીમ્સ ઓડીટોરીયમ**

**તારીખ : માર્ચ ૨૨, ૨૦૧૫ (રવિવારે) સવારે ૧૦ થી ૧૨**

રજીસ્ટ્રેશન મફત પણ આવશ્યક

**ફોન : +૯૧-૯૮૨૪૦ ૩૩૩૬૦**

Shree Orthocare
Strength in Togetherness

CIMS®
Care Institute of Medical Sciences

**સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.**

Dr. Amir Sanghavi | Dr. Ateet Sharma | Dr. Hemang Ambani
Dr. Chirag Patel | Dr. Kartik Shukla

CIMS News
Care & Cure
Volume-5 | Issue-55 | February 25, 2015


CIMS®
Care Institute of Medical Sciences

# ફાઈબ્રોઈડ યુટેરસ (ગર્ભાશયમાં થતી ગાંઠ)

ફાઇબ્રોઇડ યુટરસ એટલે કે ગર્ભાશયમાં થતી ગાંઠ જે ગર્ભાશયના સ્નાયુઓની બિનકેન્સર ગાંઠ છે. જે લગભગ ૨૦ ટકા મહિલાઓને તેમના જીવનકાળ દરમ્યાન અસર કરે છે.

**તે થવાનાં શું કારણ હોઇ શકે?**

ફાઇબ્રોઇડ થવાનાં ચોક્કસ કારણો જાણી શકાયા નથી. પરંતુ કેટલાક પરિબળો જવાબદાર હોઇ શકે જેમ કે હોર્મોન્સ : ઇસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન જવાબદાર હોવાનું માનવામાં આવે છે. જેથી તે ગર્ભાવસ્થા દરમ્યાન વધી જાય છે અને રજોનિવૃત્તિ પછી મોટે ભાગે તેની સાઇઝ વધતી નથી અથવા તો ઘટી જાય છે. જિનેટિક (જનીન) માતા અથવા બહેનને ફાઇબ્રોઇડ હોય તો શક્યતા વધી જાય છે.




**ફાઇબ્રોઇડના પ્રકાર**

તેના સ્થાન પ્રમાણે તેના અલગ અલગ પ્રકાર હોય છે, જેમ કે,

**ઇન્ટ્રામ્યુરલ :** ગર્ભાશયની દિવાલમાં હોય છે. આ સૌથી વધારે (Most Common) જોવા મળે છે.

**સબસીરસ :** ગર્ભાશયની દિવાલની બહાર રહેલો હોય છે.

**સબમ્યુકસ :** ગર્ભાશયના સ્નાયુની નીચે રહેલો હોય છે.

**સરવાઇલ ફાઇબ્રોઇડ :** ગર્ભાશયના મુખ પાસે રહેલો હોય છે.

**ફાઇબ્રોઇડના લક્ષણો શું હોય છે ?**

ફાઇબ્રોઇડના લક્ષણો તેની સાઇઝ અને સ્થાન પ્રમાણે અલગ અલગ હોય છે.

- વધારે પડતો માસિક સ્રાવ (મેનોરેજીયા)
- માસિક સ્રાવ વધારે દિવસ માટે રહે
- માસિક સ્રાવ દરમ્યાન પેઢૂના ભાગમાં ભારે દુ:ખાવો થવો.
- પેટના નીચેના ભાગમાં દુ:ખાવો
- વારંવાર પેશાબ કરવા જવું પડે
- અશક્તિ લાગે
- અધુરા મહિને સુવાવડ થઇ જવી અથવા બાળક ન રહેવું વગેરે

ફાઇબ્રોઇડનું નિદાન કઇ રીતે થઇ શકે ?

- ગાયેનેકોલોજીસ્ટ દ્વારા પેઢૂની તપાસ દ્વારા
- પેઢુંની અલ્ટ્રાસોનોગ્રાફી
- એમ.આર.આઈ.
- હિસ્ટ્રોસ્કોપી તથા
- લેપ્રોસ્કોપી દ્વારા

**સારવાર**

- ફાઇબ્રોઇડની સારવાર દર્દીની ઉંમર, સામાન્ય તંદુરસ્તી, લક્ષણો, તેનો પ્રકાર, દર્દી ભવિષ્યમાં બાળકો રાખવા ઇચ્છે છે કે નહી વગેરે પર આધારિત છે.
- એસિમ્પ્ટોમેટિક અને નાની સાઇઝનું ફાઇબ્રોઇડ હોય તો સારવારની જરૂર પડતી નથી.
- દવાઓ
- સારવાર મુખ્યત્વે સર્જરી દ્વારા કરવામાં આવે છે.
- લેપ્રોસ્કોપીક / ઓપન માયોમેકટોમી
- હિસ્ટોરોસ્કોપીક રીમુવલ
- હિસ્ટેરેક્ટોમી
- યુટરાઇન આર્ટરી એમ્બોલાઇઝેશન

**જટિલતા**

- મેનોરેજિયા
- અધૂરા માસે પ્રસૂતિ
- વંધ્યત્વ

**સૌજન્ય**

**ડૉ. સ્નેહા બક્ષી**
**કન્સલટન્ટ ગાયનેકોલોજીસ્ટ**
MD (Obst. & Gynec)
(મો) +૯૧-૯૮૨૫૫ ૦૭૩૭૦
Email: sneha.baxi@cimshospital.org

સીમ્સ હોસ્પિટલ હવે રજુ કરે છે

# CIMS WOMEN

CIMS

## સ્ત્રીઓના જીવનના દરેક તબક્કે સંપૂર્ણ સારવાર



### આ અવસર નિમિત્તે સીમ્સ રજુ કરે છે
### આપના માટે વિશેષ ડિસ્કાઉન્ટ પેકેજ

**વિશેષ ડિસ્કાઉન્ટ કુપન**

| | |
|---|---|
| કન્સલટેશન | ~~₹ ૬૦૦~~ ₹ ૩૦૦ |
| પેપસ્મીઅર | ૨૦ % ડિસ્કાઉન્ટ |
| મેમોગ્રાફી | ૨૦ % ડિસ્કાઉન્ટ |
| સોનોગ્રાફી | ૨૦ % ડિસ્કાઉન્ટ |

ડિસ્કાઉન્ટ માટે આ કુપન સાથે લાવવી આવશ્યક છે.
જુલાઈ ૩૧, ૨૦૧૫ સુધી જ માન્ય

## સીમ્સ હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ

- ગર્ભાવસ્થા અને પ્રસૂતિની સંભાળ અને સારવાર, જોખમી પ્રસૂતિ
- વંધ્યત્વની તપાસ અને સારવાર
- મેનોરેજિયા ક્લિનિક (વધુ પડતા માસિક સ્રાવની તપાસ અને સારવાર)
- સફેદ પાણીની તકલીફ
- મેનોપોઝની તપાસ, સલાહ અને સારવાર
- યુરીન લીકેજની તકલીફ
- વિવિધ પ્રકારના કેન્સર માટે સ્ક્રીનિંગ અને સારવારની સુવિધા
- ગર્ભનિરોધ અને ફેમિલી પ્લાનિંગ
- તરૂણાવસ્થાનું માર્ગદર્શન
- દૂરબીન વડે થતી લેપ્રોસ્કોપીક અને હિસ્ટ્રોસ્કોપીક સર્જરી
- દરેક પ્રકારની ગાયનેક સર્જરી
- ગર્ભાવસ્થા દરમ્યાન (ફિટલ) સોનોગ્રાફી અને ખોડખાંપણની તપાસ અને સારવાર
- ગર્ભાશયના મુખની કેન્સર પ્રતિરોધક રસી

**તમે જ્યારે સીમ્સ હોસ્પિટલમાં ઓપીડી માટે આવો ત્યારે સ્ત્રીઓ માટેના સ્પેશિયલ (વિશેષ) હેલ્થ ચેકઅપનો લાભ લો**

**સીમ્સ Women નિષ્ણાંત અને અનુભવી ડોક્ટરોથી સુસજ્જ છે**
**તે ઉપરાંત અહીં અત્યાધુનિક સાધનો વડે નિદાન અને સારવાર થાય છે**

**ડૉ. સ્નેહા બક્ષી**
કન્સલટન્ટ ગાયનેકોલોજીસ્ટ
MD (Obst. & Gynec)
(મો) +૯૧-૯૮૨૫૫ ૦૭૩૭૦
Email: sneha.baxi@cimshospital.org

**ડૉ. નીતા ઠાકરે**
કન્સલટન્ટ ગાયનેકોલોજીસ્ટ
MD (Obst. & Gynec)
(મો) +૯૧-૯૮૨૫૦ ૪૨૨૩૮
Email: nita.thakre@cimshospital.org

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care
NABH ACCREDITED
NABL

સીમ્સ હોસ્પિટલ : શુકન મોલ નજીક,
ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.

**એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧–૯૮૨૫૦૬૬૬૬૧, +૯૧–૭૯–૩૦૧૦૧૦૦૮/૧૨૦૦**

CIMS
Care Institute of Medical Sciences

**CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100**
**Published 25th of every month**
**Registered under Postal Registration No. GAMC-1813/2014-2016 valid upto 31st December, 2016**
**issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2014 valid upto 31st December, 2016**

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-75 (5 lines)
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

CIMS

# સીમ્સ લાયન્સ કાર્ડિયાક સેન્ટર
# હવેથી લાયન્સ જનરલ હોસ્પિટલ, મહેસાણામાં

## ઉત્તર ગુજરાતના દર્દીઓ માટે ખાસ સુવિધા

**સોમવારથી શનિવાર**
**સવારે ૯ થી સાંજે ૬ કલાક સુધી**

**ડૉ. જયરામ બી. પ્રજાપતિ**

DNB (Medicine), DNB (Cardiology)
**ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ**
**મોબાઇલ : +૯૧-૭૦૯૬૧ ૦૮૩૨૩**
**ઇમેઇલ :** jayaram.prajapati@cimshospital.org

**દર ગરૂવારે**
**સવારે ૧૧ થી સાંજે ૬ કલાક સુધી**

**ડૉ. વિનીત સાંખલા**

MD, DM - Cardiology (CMC Vellore), FESC, FISE
Fellow - Mayo Clinic, Rochester, USA
**ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ અને**
**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજિયોલોજીસ્ટ**
**મોબાઇલ : +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬**
**ઇમેઇલ :** vineet.sankhla@cimshospital.org
www.drvineetsankhla.com

**ઉપલબ્ધ સુવિધાઓ**

- એન્જિયોપ્લાસ્ટી અને સ્ટેન્ટ્સ
- એન્જિયોગ્રાફી
- પેસમેકર ઇમ્પ્લાન્ટેશન
- ઇકોકાર્ડિયોગ્રાફી
- ટી.એમ.ટી.
- ઇ.સી.જી.
- કાર્ડિયાક કન્સલટેશન

**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો**
**ફોન : +૯૧-૯૮૨૪૯ ૬૬૮૮૧**

**સીમ્સ લાયન્સ કાર્ડિયાક સેન્ટર, લાયન્સ જનરલ હોસ્પિટલ, જેલ રોડ, મહેસાણા-૩૮૪૦૦૨**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines) Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.me | www.cims.me

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**